# વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી,

ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લૉક નબર-૬ બીજો-ત્રીજો માળ
જુના સચિવાલય ગાંધીનગર Email-cot.jdt@gmail.com ફોન.૫૧૩૬૩,૫૧૩૬૫

નં.એમવીએ/ અગત્યના મુદ્દાઓ/ઓન ૪૩૩૭ તારીખ: /૦૮/૨૦૧૬

19 AUG 2016

પ્રતિ,
માનદમંત્રીશ્રી,
અખીલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન,
૭૫,સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪.

વિષય- અગત્યના મુદ્દાઓની રજુઆત કરવા બાબત.

અનુ- (૧) માન.મુખ્યમંત્રીશ્રીના સંસદીય સચિવશ્રી વાસણભાઈ આહિર, સામાજિક ન્યાય અને અધિકારીતા (સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ) ગાંધીનગરના પત્ર ક્રમાંક/મુ.મં.સં.સ./ સા.શૈ.પ.વ.ક./VIP/૩૫૧/૧૬, તા.૦૨/૮/૨૦૧૬ નો પત્ર.

(૨) આપશ્રીનો, તા.૨૫/૦૭/૨૦૧૬ નો પત્ર.

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, અનુસંધાન-૧ના પત્ર દ્વારા આપશ્રીના પત્રક્રમાંક નં.એ.જી.ટી.ટી.એ./૨૦૧૬-૨૦૧૭/૧૯, તા.૨૫/૦૭/૨૦૧૬થી તેમજ અત્રેના પરિપત્ર ના પત્રથી ટેક્ષ/વ્યાજ માફી/યોજના/મીટીંગ/ઓન-૪૩૪૯ ના પત્ર અનુસાર અત્રેની કચેરીએ મીટીંગનું આયોજન કરેલ હતુ. તેમા અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશનના નીચે મુજબના મુદ્દાઓની રજુઆત અત્રે મળેલ હતી જે પરત્વે આપશ્રીને નીચે મુજબની હકીકત જણાવવામાં આવે છે.

(૪) આરટીઓ દ્વારા જારી કરેલ ડ્રાઇવિંગ લાયસન્સને કેન્દ્ર તેમજ રાજ્ય સરકારના ખાતાઓમાં એડ્રેસ પ્રૂફ કે ફોટો આઈડી તરીકે સ્વીકારવામાં આવે છે પણ આરટીઓની કચેરીમાં તેને માન્ય રાખવામાં આવતું નથી. તો તે બાબતે યોગ્ય કરવા રજુઆત છે.

- મુદ્દા નં. ૪ બાબતે CMVR ૧૯૮૯ ના નિયમ-૪ મુજબના પુરાવા માન્ય રાખી શકાય જેમા અત્રેથી કોઈ સુધારો થઈ શકે નહી.

(૬) ડુપ્લીકેટ પરમીટ મેળવવા એફીડેવીટ કરી અરજી આપી મેળવી શકાય છે, પણ ડુપ્લીકેટ આરસીબુક મેળવવા પોલીસ કેસ ફરજીયાત હોય તે ખુબ જ અગવડતા ભર્યું અને સમયનો વ્યય કરનાર બને છે. તેથી ડુપ્લીકેટ આરસીબુક માટે પણ આ વ્યવસ્થા દાખલ કરવા રજુઆત છે.

- મુદ્દા નં. ૬ બાબતે અત્રેથી નાયબ સચિવશ્રી બંદરો અને વાહન વ્યવહાર વિભાગ ગાંધીનગરને પત્ર નં.૬૬૯, તા.૬/૮/૨૦૧૬ થી દરખાસ્ત કરવામાં આવેલ છે. ઉપરોક્ત પત્ર આપશ્રીને જાણ સારૂ.

બિડાણ-ઉપર મુજબ.

(સહી)
સહાયક વાહન વ્યવહાર નિયામક,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

Akhil Gujarat Truck Transport Association
R. 24-8-16

નકલ સવિનય રવાના- માન.મુખ્યમંત્રીશ્રીના સંસદીય સચિવશ્રી, વાસણભાઈ આહિર, સામાજિક ન્યાય અને અધિકારીતા (સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ) બ્લોક નં.૨/૪થો માળ, સચિવાલય, ગાંધીનગર ને ઉપરોક્ત પત્ર સંદર્ભે જાણ સારૂ.